દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૧ એપ્રિલ, ૨૦૨૬

વિશ્વના સૌથી પ્રદૂષિત ચાર શહેરોમાંથી ત્રણ શહેરો ભારતમાં: નર્યું શરમજનક

હાલમાં વિશ્વની હવાની ગુણવત્તા અંગેનો અહેવાલ બહાર પડ્યો છે જે ભારત અને તેના પાડોશી દેશો માટે તો એક કરૂણ ચિત્ર રજૂ કરે જ છે પરંતુ સમગ્ર વિશ્વના દેશો માટે પણ એક ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. આઠમા વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન વિશ્વનો સૌથી પ્રદૂષિત દેશ છે, ત્યારબાદ બાંગ્લાદેશ અને તાજિકિસ્તાન આવે છે, જ્યારે ભારત છઠ્ઠા ક્રમે છે. પાકિસ્તાન સૌથી પ્રદૂષિત દેશ છે અને ભારતનો ક્રમ તો છઠ્ઠો છે એમ કહીને આપણે ભલે ખુશ થઇએ પણ ભારતનું જ એક શહેર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર છે અને સૌથી પ્રદૂષિત પાંચ શહેરોમાંથી ચાર તો ભારતના છે. આથી આપણે આ બાબતમાં ઘણુ જ કરવાનું જરૂરી છે તે સમજાય છે.

આ અહેવાલ મુજબ વિશ્વના દસ સૌથી પ્રદૂષિત શહેરોમાં પાંચ ભારતમાંથી છે - લોની, બરણીહાટ, દિલ્હી, ગાઝિયાબાદ અને ઉલા. અહેવાલમાં જણાવાયું છે કે, વિશ્વના 25 સૌથી પ્રદૂષિત શહેરો ભારત, પાકિસ્તાન અને ચીનમાં આવેલા હતા, જેમાં ભારત ચાર સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ત્રણનું ઘર છે. ભારતનું લોની સૌથી પ્રદૂષિત શહેર હતું, જેમાં વાર્ષિક સરેરાશ PM2.5 સાંદ્રતા 112.5 g/m નોંધાઈ હતી - જે 2024ના વર્ષમાં હતી તેનાથી લગભગ 23 ટકાનો વધારો છે અને WHOની માર્ગદર્શિકા કરતા 22 ગણાથી વધુ છે. સ્વિસ એર ક્વોલિટી ટેકનોલોજી કંપની IQAir દ્વારા પ્રકાશિત આ રિપોર્ટની 2025ની આવૃત્તિ, 143 દેશો, પ્રદેશો અને પ્રદેશોના 9,446 શહેરોમાં આવેલા મોનિટરિંગ સ્ટેશનોના ડેટાના વિશ્લેષણ પર આધારિત છે. આ ડેટા 40,000 થી વધુ રેગ્યુલેટરી મોનિટરિંગ સ્ટેશનો અને લો-કોસ્ટ સેન્સર્સ પાસેથી મેળવવામાં આવ્યો છે, જેનું સંચાલન સરકારી એજન્સીઓ, યુનિવર્સિટીઓ, બિન-લાભકારી સંસ્થાઓ, ખાનગી સાહસો અને વિશ્વભરના જાગૃત નાગરિક વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવે છે.

જ્યારે ચીન વિશ્વના સૌથી પ્રદૂષિત દેશોમાં 20મા સ્થાને છે, ત્યારે અમેરિકા 120માં અને યુકે 110માં સ્થાને છે. રિપોર્ટ અનુસાર, માત્ર 13 દેશો અથવા પ્રદેશો - ફ્રેન્ચ પોલિનેશિયા, પ્યુર્ટો રિકો, યુએસ વર્જિન આઇલેન્ડ્સ, બાર્બાડોસ, ન્યુ કેલેડોનિયા, આઇસલેન્ડ, બર્મુડા, રિયુનિયન, એન્ડોરા, ઓસ્ટ્રેલિયા, ગ્રેનાડા, પનામા અને એસ્ટોનિયાએ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની વાર્ષિક સરેરાશ PM2.5 માર્ગદર્શિકાનું પાલન કર્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે, 143 માંથી 130 દેશો અથવા પ્રદેશો (91 ટકા) WHO ની વાર્ષિક સરેરાશ PM2.5 માર્ગદર્શિકાના મૂલ્ય કરતાં વધુ પ્રદૂષિત હતા. આ બાબત દર્શાવે છે કે પ્રદૂષણ નિયંત્રણની બાબતમાં વિશ્વના મોટા ભાગના દેશો બહુ ગંભીર નથી, વિકસીત ગણાતા દેશો પણ નહીં. પાંચ સૌથી પ્રદૂષિત દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ, તાજિકિસ્તાન, ચાડ અને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો હતા. વિશ્વના 25 સૌથી પ્રદૂષિત શહેરો ભારત, પાકિસ્તાન અને ચીનમાં આવેલા હતા, જેમાં ભારત સૌથી વધુ પ્રદૂષિત ચાર શહેરોમાંથી ત્રણનું ઘર છે. આપણા માટે ચિંતાની જે બાબત છે તે એ છે કે વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરો જે દેશોમાં આવેલા છે તે દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. અને વિશ્વના સૌથી પ્રદૂષિત ચાર શહેરોમાંથી ત્રણ તો ભારતમાં છે. વાયુનું પ્રદૂષણ એ જન આરોગ્યને અસર કરનારી ખૂબ હાનિકારક બાબત છે. અહેવાલમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, બાળકો માટે, વાયુ પ્રદૂષણના સંપર્કની અસર આજીવન રહી શકે છે; વિકાસના વર્ષો દરમિયાન શ્વસનતંત્રને થયેલું નુકસાન ઘણીવાર બદલી શકાતું નથી. આ પર્યાવરણીય ફેરફારોમાં સૌથી ઓછી સત્તા ધરાવતા વસ્તી સમૂહ તરીકે, બાળકોએ હવાની ગુણવત્તાની કાયમી આરોગ્ય કિંમત ભોગવવી પડે છે. અહેવાલમાં યોગ્ય રીતે જ કહેવામાં આવ્યું છે કે થોડા સમય માટે નહીં પણ લાંબા ગાળાના લક્ષ્યો સાથે હવાની ગુણવત્તા સુધારવા માટે પગલા લેવા જોઇએ, જે આજે મોટા ભાગના રાષ્ટ્રો કરી શકતા નથી.

આંતરિક સમૃદ્ધિ

એક વિખ્યાત ચિત્રકારે ત્રણ મહિના સુધી બહુ મહેનત કરીને એક સુંદર ચિત્ર તૈયાર કર્યું. આ ચિત્ર, સમગ્ર ચિત્રકલા અને કારકિર્દીના શિરમોર જેવું હતું, એટલું અદભુત હતું કે મોટા મોટા ચિત્રકારો અને વિવેચકો એ ચિત્ર જોવા માટે આવતા અને જોઈને આફરીન પોકારી જતા. આ ચિત્ર વિષય વસ્તુ, રેખાંકન, રંગોની મિલાવટ, નજાકત, છાયા અને પ્રકાશનું સંયોજન બધી જ રીતે ચિત્રકલાનો અદભુત નમૂનો હતું.

એક શ્રીમંતે આ ચિત્રના લાખ રૂપિયા આપવાની તૈયારી બતાવી. ચિત્રકારે ના પાડી ચિત્રકારના પત્નીએ કહ્યું, 'તમે લોભ ન કરો લાખ રૂપિયા કઈ ઓછા નથી આમ પણ આપણને પૈસાની ભીડ તો છે જ. જો તમે આ ચિત્ર વેચી દીધું હોત તો આપણને પૈસાની છૂટ થઈ જાત. કેટલી બધી તકલીફો દૂર થઈ જાત.'ચિત્રકારે કહ્યું, 'ચિત્રની કિંમત બાબતમાં તને ખબર ન પડે. ચિત્રની ખરી કિંમત જાણનારો અને ચૂકવનારો આવશે જ તેની મને શ્રદ્ધા છે.'પત્ની આગળ કંઈ ન બોલી.

આ પછી પણ કેટલાય માણસો આ ચિત્ર ખરીદવા આવ્યા. એક લાખથી વધીને ૧૦ લાખ આપવા સુધીની વાત પહોંચી છતાં પણ ચિત્રકાર ના જ પાડતો રહ્યો. એક દિવસ બદનસીબે ચિત્ર ચોરાઈ ગયું તેની કોઈ ભાળ ન મળી. હવે પત્નીનો કકળાટ શરૂ થયો, 'હવે શું કરીશું મારી વાત માની હોત તો, પૈસાની કેટલી તકલીફ છે. ચિત્ર વેચી નાખ્યું હોત તો લાખોમાં રમતા હોત. જીવનભર શાંતિથી જીવી શકીએ તેટલી મૂડી મળી જાત. આપણી તો કિંમતી મૂડી ચોરાઈ ગઈ અને કઈ ન મળ્યું.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ચિત્રકારે કહ્યું, 'શાંત થા, મૂડી ચોરાઈ ગઈ તેમ ન કહે... હા એક કિંમતી ચિત્ર ચોક્કસ ચોરાઈ ગયું પરંતુ એ આપણી મૂડી નહોતી એ માત્ર એક ચિત્ર હતું. મારી કલાની મૂડી તો મારી પાસે જ છે.'આટલું બોલી ચિત્રકારે પોતાના હાથ, રંગ, પીંછી, હૃદય તરફ આંગળી કરી.

ચિત્રકારની વાત સો ટકા સાચી હતી, જે ચિત્ર ચોરાઈ ગયું એ ગમે તેટલું કિંમતી હોવા છતાં ચિત્રકારની આંતરિક સમૃદ્ધિ કલાનો માત્ર એક અંશ હતું. ચિત્ર ભલે ચોરાઈ ગયું પણ એના સર્જનમાં જે કારણભૂત હતી તે આંતરિક સમૃદ્ધિ અને કલાની સમજ, કલ્પના કરતું મગજ અને ચિત્ર આલેખથી આંગળીઓ હજી સાબુત હતી અને તે આંતરિક કલા સમૃદ્ધિને કોઈ ચોરી શકે તેમ ન હતું.

ચિત્રકારે હતાશ થયા વિના ફરી પીંછી ઉપાડી અને પેલા ચોરાઈ ગયેલા ચિત્રને પણ ભૂલાવી દે તેવું ફરી અનન્ય સર્જન કરવા માટે તેને પોતાની તમામ શક્તિ સાથે શરૂઆત કરી. એક એક થી ચડિયાતા ચિત્રનું તે સર્જન કરતો જ રહ્યો કારણ કે તેની આંતરિક સમૃદ્ધિ સલામત હતી.

શું માઓવાદ સામેની અમિત શાહની લડાઈ એક મોટી સફળતા છે?

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

ડાબેરી ઉગ્રવાદનો અંતિમ પડાવ: સુરક્ષા અને વિકાસના સમન્વયથી તૂટતો માઓવાદનો ગઢ, બસ્તરથી અબુઝમદ સુધી: કેન્દ્રીય ગૃહમંત્રીનો નિર્ણાયક વ્યૂહ અને નક્સલવાદનું પતન

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતમાં માઓવાદ (ડાબેરી ઉગ્રવાદ- એલડબ્લ્યુઈ)ને જડમૂળથી ઉખેડી નાખવા માટે એક આક્રમક, બહુપક્ષીય વ્યૂહરચનાનું નેતૃત્વ કર્યું છે અને તેના સંપૂર્ણ નિવારણ માટે ૩૧ માર્ચ, 2026ની પાકી સમયમર્યાદા નક્કી કરી છે. તેમનો અભિગમ 'શરણાગતિ અથવા ખાત્મા'ની નીતિ રહ્યો છે, જેમાં અગાઉ દુર્ગમ ગણાતા વિસ્તારોમાં સઘન સુરક્ષા કામગીરી અને ઝડપી માળખાગત વિકાસનો સમન્વય કરવામાં આવ્યો છે. શાહના નેતૃત્વ હેઠળ સુરક્ષા દળોએ 'ઓપરેશન બ્લેક ફોરેસ્ટ' અને 'ઓપરેશન કગાર' જેવી પ્રભાવશાળી કામગીરી શરૂ કરી છે.

માત્ર ૨૦૨૫ના વર્ષમાં જ ૩૧૭ નક્સલીઓને ઠાર કરવામાં આવ્યા હતા (જેમાં ટોચના નેતૃત્વનો સમાવેશ થાય છે), ૮૦૦થી વધુની ધરપકડ કરવામાં આવી હતી અને આશરે ૨,૦૦૦ નક્સલીઓએ શરણાગતિ સ્વીકારી હતી. કુલ મળીને ૨૦૨૩થી ૨૦૨૫ વચ્ચે ઓછામાં ઓછા ૩,૫૯૪ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું, જ્યારે સીઆરપીએફ અને પોલીસ સાથેની અથડામણમાં ૮૦૦થી વધુ નક્સલીઓ માર્યા ગયા. નોંધપાત્ર સફળતાઓમાં મે ૨૦૨૫માં ૨૭ ટોચના માઓવાદીઓના ખાત્માનો સમાવેશ થાય છે, જેમાં જનરલ સેક્રેટરી નંબલા કેશવ રાવ (બાસાવરાજૂ) પણ સામેલ હતો; ત્રણ દાયકામાં પ્રથમ વખત આટલી ઉચ્ચ કક્ષાનો નેતા માર્યો ગયો હતો.

આ હાઈ-પ્રોફાઈલ નેતાઓના ખાત્મા અને શરણાગતિના પરિણામે એક સમયે શક્તિશાળી ગણાતી માઓવાદી સેન્ટ્રલ કમિટી અને પોલિટ બ્યુરોમાં હવે માત્ર ગણતરીના સક્રિય સભ્યો બચ્યા છે, જેનાથી ભારતમાં ડાબેરી ઉગ્રવાદના પતનની ગતિ તેજ થઈ ગઈ છે. આ લડાઈમાં સરકારે ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૩૨૦થી વધુ નવા સુરક્ષા કેમ્પ સ્થાપ્યા છે, જે ઓપરેશનલ હબ અને વિકાસ કેન્દ્રો તરીકે કામ કરે છે. આ કેમ્પોએ માઓવાદીઓની પ્રવૃત્તિનો વિસ્તાર ઘટાડવામાં મદદ કરી છે, જેનાથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૨૦૧૪માં ૩૫ હતી તે ઘટીને ૨૦૨૫ સુધીમાં માત્ર ૬ રહી ગઈ છે.

શાહે યુદ્ધવિરામની દરખાસ્તોને એમ કહીને નકારી કાઢી હતી કે, માઓવાદીઓએ પહેલાં શસ્ત્રો હેઠાં મૂકવાં પડશે. જો કે, તેમણે શરણાગતિ સ્વીકારનારાઓ માટે 'રેડ કાર્પેટ' સ્વાગત અને લાભદાયી પુનર્વસન નીતિનું વચન આપ્યું હતું અને ભાર મૂક્યો હતો કે, આ લડાઈ વિચારધારા સામે છે, લોકો સામે નહીં. શાહની વ્યૂહરચનામાં બસ્તર અને અન્ય પ્રદેશોમાં મોટા પાયે રોકાણનો સમાવેશ થાય છે. જેમ કે, રસ્તાઓ બનાવવા, મોબાઈલ ટાવર લગાવવા અને ઇન્દ્રાવતી નદી પર ૨.૭૫ લાખ હેક્ટર જમીનમાં સિંચાઈ માટે પ્રોજેક્ટ શરૂ કરવા.

શાહે જણાવ્યું હતું કે, આશરે ૨૦૦ જિલ્લા કલેક્ટરોને પોલીસ સ્ટેશનો મજબૂત કરવા અને અંતરિયાળ વિસ્તારોમાં ગતિશીલતા સુધારવા માટે વિવેકાધીન ભંડોળ આપવામાં આવ્યું હતું. બીજાપુરમાં કલેક્ટરે પરિવહનની અછતને દૂર કરવા માટે ૩૦-૪૦ વાહનો ખરીદ્યાં હતાં, જેના પર ક્યારેય હુમલો થયો નથી. કારણ કે, તેનાથી સ્થાનિક સમુદાયોને સીધો ફાયદો થતો હતો.

૨૦૧૪-૧૫માં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના નેતૃત્વ હેઠળ છત્તીસગઢ અને ઝારખંડના સ્થાનિક આદિવાસી યુવાનોને તાલીમ આપવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

વિકાસના મોરચે, સરકારની મુખ્ય યોજનાઓ ઉપરાંત, એલડબ્લ્યુઈ અસરગ્રસ્ત વિસ્તારોમાં કેટલાંક વિશિષ્ટ પગલાં લેવામાં આવ્યાં છે, જેમાં રોડ નેટવર્કનો વિસ્તાર, ટેલિકોમ્યુનિકેશન કનેક્ટિવિટીમાં સુધારો, શિક્ષણ, કૌશલ વિકાસ અને નાણાંકીય સમાવેશ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સ્થાનિક યુવાનો માટે કુલ ૪૬ ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (આઈટીઆઈ) અને ૪૯ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર્સ (એસડીસી) ખોલવામાં આવ્યા છે. આ ઉપરાંત, આદિવાસી વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ૧૭૯ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (ઈએમઆરએસ) કાર્યરત કરવામાં આવી છે, તેમ જ સૌથી વધુ એલડબ્લ્યુઈ અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૬,૦૨૫ પોસ્ટ ઓફિસ, ૧,૮૦૪ બેંક શાખાઓ અને ૧,૩૨૧ એટીએમ ખોલવામાં આવ્યા છે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૧૦થી અત્યાર સુધીમાં નક્સલી હિંસામાં ૮૮%નો ઘટાડો થયો છે. ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૭,૪૦૦થી વધુ માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી છે અને ૫,૮૮૦એ શરણાગતિ સ્વીકારી છે. હવે માઓવાદી પ્રવૃત્તિઓ મુખ્યત્વે છત્તીસગઢના અબુઝમદ જંગલ જેવા નાના વિસ્તાર સુધી સીમિત થઈ ગઈ છે, જ્યાં સુરક્ષા દળોએ પ્રતિકારના તમામ ગઢ ખતમ કરી દીધા છે. ૨૦૨૫ના પ્રથમ ચાર મહિનામાં જ લગભગ ૧૯૭ કટ્ટર નક્સલીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

ઓક્ટોબર ૨૦૨૫માં સૌથી મોટા સામુહિક આત્મસમર્પણ પૈકીનું એક જોવા મળ્યું હતું, જેમાં છત્તીસગઢમાં ૧૭૦ માઓવાદીઓ મુખ્ય પ્રવાહમાં પાછા ફર્યા હતા.

સુરક્ષા દળો પર અનેક મોટા હુમલાઓ માટે જવાબદાર મુખ્ય નેતા માડવી હિડમા નવેમ્બર ૨૦૨૫માં માર્યો ગયો હતો. શાહે 'માઓવાદ-મુક્ત ભારત'નો લક્ષ્યાંક પૂરો થશે તેવો વિશ્વાસ પુનરોચ્ચાર કર્યો છે અને આ અંતિમ તબક્કાના અભિયાનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના 'ડબલ-એન્જિન' સમન્વયને નિર્ણાયક પરિબળ ગણાવ્યું છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં શરણાગતિ સ્વીકારનાર માલ્લોજુલા વેણુગોપાલ રાવ ઉર્ફે સોનુ જેવા માઓવાદી નેતાઓ સ્વીકારે છે કે, ''સ્થિતિ બદલાઈ ગઈ છે. આજની પરિસ્થિતિમાં સશસ્ત્ર સંઘર્ષ ચાલુ રાખી શકાય નહીં. તેમણે કામચલાઉ ધોરણે શસ્ત્રો મૂકી દેવાં જોઈએ અને લોકોની વચ્ચે રહીને કામ કરવું જોઈએ.''

સતીશ ઉર્ફે ટી. વાસુદેવ રાવ, જેમણે ગયા વર્ષે આત્મસમર્પણ કર્યું હતું, તેમણે જણાવ્યું હતું કે, ''આ માત્ર મારો નિર્ણય નહોતો. બાસાવરાજૂ (જે ગયા વર્ષે મે મહિનામાં માર્યો ગયો હતો) ખુદ પણ સશસ્ત્ર સંઘર્ષનો અંત લાવી સરકાર સાથે શાંતિ વાટાઘાટો કરવા ઇચ્છતો હતો. અમે અમારાં લોકો અને અમારી પાર્ટીને બચાવવા માંગતા હતા. સશસ્ત્ર સંઘર્ષ માટે આ યોગ્ય સમય નથી.''

વાસ્તવમાં, ૨૦૦૬-૨૦૦૯નાં વર્ષો સૌથી મુશ્કેલ હતાં અને વર્ષો દરમિયાન જે ક્રમિક સફળતા મળી હતી તેને છેલ્લાં બે વર્ષમાં નિર્ણાયક વેગ મળ્યો જ્યારે શાહે દેશમાંથી ડાબેરી ઉગ્રવાદને નાબૂદ કરવા માટે ૩૧ માર્ચ, 2026ની સમયમર્યાદા નક્કી કરી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

નવી પેઢીનાં ખેડૂતપુત્રો એગ્રો ઈન્ડસ્ટ્રિયાલિસ્ટનો દરજ્જો મેળવે

અવારનવાર
ડો.નાનક ભટ્ટ

ભારત વિશ્વનું ત્રીજું અર્થતંત્ર બની ૨.૫ કરોડ નાગરિકોને ગરીબીની લઘુત્તમ રેખાથી ઉપર લાવવા માગે છે ત્યારે બેન્કોનાં બેલેન્સશિટ સાથે દેશની ૧૦ ટ્રિલીયન ઈકોનોમી સામે ખેડુતોએ પણ રૂ.૪૫૦ અબજનાં યોગદાન સાથે ૧૫% વિકાસ સાધવો અનિવાર્ય બને છે

અમરેલી જીલ્લાનાં ખેડુત ખાતેદાર ઘનશ્યામ પટેલે ગુજરાત રાજ્યના કૃષિ મંત્રીને પત્ર લખી પોતાની ૧૦ વિઘા જમીન ઉપર ગાંજાની ખેતી કરવા મંજુરી માંગી છે. ખેડુત પુત્રએ ખેતપેદાશનાં ઘટતાં ભાવ સામે આક્રોશ ઠાલવતા સરકારને લખ્યું છે "સાહેબ વર્ષ ૨૦૧૬-૧૭માં કપાસ રૂ.૨૦૦૦ આસપાસ હતો તેનો ભાવ ઘટીને રૂ. ૧૪૦૦ થયો છે. એક થેલી ડી.એ.પી. ખાતરનાં રૂ. ૬૫૦/- થી વધી રૂ.૧૫૦૦/- થયાં છે. કુવામાં પાણી છે પરંતુ એક લિટર ડિઝલનો ભાવ રૂ.૧૦૦ એ પહોંચ્યો છે. ફરીયાદી ખેડુત લખે છે કે ખેત મજુરોને ચા-બીડી બપોરે શાક અને છાશ ઉપરાંત રૂ. ૫૦૦/- મજુરી આપતાએ દાડીયા મળતાં નથી. શાક રોટલાં જોગ ખેતીમાં હવે બે પાંદડે થવાય તેમ નથી આથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં ગામડાઓનાં ૩૮% યુવકો દક્ષીણ ગુજરાતમાં હિરા ઉદ્યોગમાં સ્થળાંતર થયાં છે. પરીણામે દરીયાકાંઠાનાં ગામડાઓમાં હવે ક્ષારયુક્ત પાણી અને વૃદ્ધ, અપંગો બચ્યાનો વાસ્તવિક ચિતાર છે.

જગતનાં તાતનું બિરુદ મેળવનાર હવે કરૂણતાનાં દલ-દલમાં ફસાયો છે. પાક નિષ્ફળતા અને દેવાની સ્થિતિમાં વર્ષ ૨૦૨૩માં ૪૧૫૧ ખેડુતોએ આત્મહત્યા કરી જીવન ટુંકાવવાનો રસ્તો લેવો પડયો છે ત્યારે કૃષિ ક્ષેત્રમાં અમુલ પરિવર્તન લાવી જમીન આધારિત કૃષકોએ પોતાની ૫૦૦૦ વર્ષ જુની કાર્ય પ્રણાલીમાં ઘરમૂળથી પરિવર્તન લાવવું પડશે. તેમ રાજ્ય સરકારે પણ લાંબા-ગાળાનાં હિતને લક્ષમાં રાખી હિંમતભેર નિર્ણયો લેવા જ પડશે. ભારત વિશ્વનું ત્રીજું અર્થતંત્ર બની ૨.૫ કરોડ નાગરિકોને ગરીબીની લઘુત્તમ રેખાથી ઉપર લાવવા માગે છે ત્યારે બેન્કોનાં બેલેન્સશિટ સાથે દેશની ૧૦ ટ્રિલીયન ઈકોનોમી સામે ખેડુતોએ પણ રૂ.૪૫૦ અબજનાં યોગદાન સાથે ૧૫% વિકાસ સાધવો અનિવાર્ય બને છે. કૃષિ ઉત્પાદનમાં નિતિગત સુધારા વિષયે તાજેતરની આઈ.સી.એ.આર. ની બેઠકમાં દેશનાં કૃષિ વૈજ્ઞાનિકો, ફુડ વેલ્યુ એડિશન સાથે સંબંધિત નિવેશકો, જૈવિક વિજ્ઞાનનાં સંશોધકોએ પોતાનાં અહેવાલમાં ભારત સરકારને આગ્રહ ભરી વિનંતી કરી છે કે કૃષિ ક્ષેત્રને રાજકીય પ્રભાવોથી ઉપર લાવીએ. દેશનાં જી.ડી.પી.માં ખેતીનો સહયોગ ૪૨.૪% સુધી પહોંચાડીએ. જે આશાસ્પદ અનિવાર્યતા બને છે.

પરંતુ ભારતનાં કુલ વર્ક ફોર્સમાં ૪૬% લાભ મેળવનાર કૃષિની સ્થિતિ એવી છે કે એકલા ગુજરાતનાં ગામડાઓમાં પરિવારદીઠ રૂ.૧.૪૧ લાખનું દેવું છે. ૨૮ % ગ્રામજનોએ લોન લઈને ઘર પરીવાર ચલાવવું પડે છે. નેશનલ બેંક ઓફ એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બોર્ડનાં અહેવાલ અનુસાર ગુજરાતી ખેડુત પરિવાર પાસે સરેરાશ ૧.૧ હેકટર ખેતી લાયક જમીન છે. એટલું જ નહિં પણ ૩૪% ખેડુતો આજે દેવામાં ડુબેલાં છે. આથી જ તો અનાયાસ પ્રાકૃતિક આફતો સામે પાક વિમા યોજના હેઠળ ખેડુતોને વાવેતર જેટલું વળતર ચુકવવાનું રાજકીય દબાણ વધતું જાય છે. પ્રમાણિક માણસનાં ટેકસમાંથી પ્રતિવર્ષ સરેરાશ રૂ. ૭૨થી ૮૦ હજાર કરોડના ખેડુત દેવા માફ કરવાનાં રાજકીય કલ્યાણનાં નિર્ણયો લેવા પડે છે જેને હવે અર્થશાસ્ત્રની રીતે પણ મુલવવા પડે તેવો સમય પાકી ગયો છે. આઝાદીનાં ૮ દાયકાં પછી પણ ભારતનું ગામડું ગરીબ છે તેવા ભ્રમમાંથી હવે રાષ્ટ્ર જીવનને બહાર કાઢવા બદલાવ અનિવાર્ય બને છે.

કારણ, ભારતમાં લઝરી બ્રાન્ડની ચીજવસ્તુઓનું બજાર ૧.૫ લાખ કરોડે પહોંચ્યું છે. જે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૭.૫ લાખ કરોડએ પહોંચવા ધારણા છે. ગામડાંઓ સહિત દેશનું લગ્ન બજાર ૧૧.૪ લાખ કરોડનું છે. વૈશ્વિક યુદ્ધો અને રસીયા-ચિન ઉપરનાં પ્રતિબંધો વચ્ચે ભારત ચમકતો સીતારો બન્યું છે. ત્યારે કોટક મહેન્દ્રનાં ચીફ માર્કેટ ઓફીસર રોહિત ભસીનના મતે હવે ગામડું દેશની વિકસીત માર્કેટ માટે આશાનો સંચાર થઈ ઉભરી રહયું છે. વર્ષ ૨૦૨૩ની વિગતે જોતાં ભારતનાં ગામડાંઓમાં રહેલ ધનીકોની સંખ્યા ૨૩% એ પહોંચી છે જે એક નવી સમજ વિકસાવવા નિતિ આયોગને મજબુર કરી રહી છે.

એક અંદાજ અનુસાર વર્ષ ૨૦૨૫-૩૦ દરમિયાન દેશમાં વીજળીની માંગ ૮૧૭ ટ્રિલીયન વોટ અવર્સ સુધી પહોંચવા ધારણા છે. અમેરિકા અને યુરોપનાં દેશો કરતાં પણ ભારતમાં ડેટા વપરાશ પાંચ ગણો હોય આજે માઈક્રોસોફ્ટ, એમેઝોન તથા ગુગલ જેવી વૈશ્વિક કંપનીઓએ ભારતમાં સુધારણાની. ગુજરાતનાં ગામડાંઓમાં વધતા જતાં પ્રોસેસ ફુડ અને કોલ્ડ્રિંકસ-આઈસક્રિમનાં વપરાશના આંકડાં દર્શાવે છે કે દેશનાં અંતરીયાળ ભાગોમાં નિવાસ કરતા અને શહેરી માળખાથી દુર રહેતા લોકોને ગ્રામિણ ગણવા તે સમાજીક ભૂલ છે.

લોકશાહીમાં રાજકારણ નાગરીકોના કલ્યાણ મત આધારિત છે. પરંતુ લોકશાહીનું અર્થકારણ જંગી રોકાણની ઈચ્છા વ્યક્ત કરી છે પરંતુ સુખદ આશ્ચર્ય એ છે કે વિકાસ માટેનાં રોકાણ અને વપરાશમાં ભારતનાં ગ્રામ ક્ષેત્રનો હિસ્સો ૨૭.૩% છે. આ સ્થિતિ દર્શાવે છે કે ભારતનું ગામડું આમ ધારણાઓ અનુસાર ગરીબ નથી. ગામડામાં વ્યાપ્ત પ્રાકૃતિક શ્રોત ખામી યુક્ત નથી કે ઝેન.ઝી પેઢીની મહેચ્છાઓ અને શૈક્ષણિક સ્તરમાં ઉણપ નથી ત્યારે જરૂર છે ખેતીના સ્વરૂપમાં ઘરમુળથી ખેડુત રોસૈયાએ પાંચ સ્તરીય ખેતી (વર્ટીકલ એગ્રીકલ્ચર)નું મોડેલ આપી એક એકરથી ઓછી જમીનમાં બાવન પ્રકારના પાકો લઈ એક જમીન ઉપર પાંચ ગણી આવક મેળવી છે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુથી પુરસ્કાર મેળવ્યો છે.રણની રેતીમાં વસેલ ઈઝરાઈલે દુનિયામાં ફળ-ફુલોની ખેતી વિસ્તારી સાબિત કર્યું છે કે કૃષિ માટે જમીનની અનિવાર્યતા નથી. ડ્રિપ ઈરીગેશન, જમીની સ્થિતિથી નિર્ધારીત બને છે. ત્યારે દેશનાં ખેડુત અને ગામડાંઓને પછાત ગણવાની માનસિક્તા બદલીએ. ઉપાયે ઉપલબ્ધ જમીનને સાધન તરીકે અને ખેડુતને એગ્રો ઈન્ડસ્ટ્રિયાલિસ્ટનો દરજ્જો આપવા દેશની કૃષિ યુનિવર્સિટી અને વિજ્ઞાન કેન્દ્રો આગળ આવે. વિશ્વના અન્ય દેશો માફક ખેતી વ્યવસાયને તમામ નાગરીકો માટે ખોલીએ.

આંધ્રપ્રદેશનાં ગુંટુર જીલ્લાનાં હાઈડ્રોપોનિક્સ પાવર ફોટો સિંથેસિસ અને હવે ગ્રીન હાઉસ ટેકનીકથી ઈઝરાઈલ મોડેલ દર્શાવે છે કે જૈવિક પ્લાંટસ માટે જમીન આધારથી કંઈ વધુ ઉપયોગી નથી. કૃષિને જમીન ઉપર પાથરી રાખવાના બદલે બહુ માળીય ઉચાઈ આપીયે. સી.પી.સી.બી.ના એક ચોકાવનારા નિવેદનમાં ખુલાસો થયો છે કે દેશનાં વાયુ પ્રદુષણ સંકટ ૪૪૭ જીલ્લાઓમાં ૬૦% થી વ્યાપક બન્યું છે ત્યારે કાર્બન ફુટપ્રિન્ટને વિક્સાવતા સ્ટાર્ટઅપમાં ઝેન-ઝી જનરેશનને લાવવાના બદલે કૃષિને ઈન્ડસ્ટ્રિઝનો દરજ્જો આપી ગ્લોબલ વોર્મિંગ અને પૃથ્વી ઉપરની ૧૪ ઈંચ જમીનના સ્તરને સંરક્ષિત કરીએ.

હજારો વર્ષથી ચાલતાં કૃષિ વ્યવસ્થાપનમાં હરિત ક્રાંતિ પછી ખાતર, દવાઓ, જળસંરક્ષણ, કૃષિ ઉત્પાદનનાં સંગ્રહ અને વેલ્યુ એડીશન ક્ષેત્રમાં કામ થયું છે પરંતુ દેશની ૧૫.૬ કરોડ હેક્ટર જમીન ઉપરની ફેલાએલ કૃષિને ઉદ્યોગના આધાર તરીકે વર્ટિકલ ડેવલોપમેન્ટ માટે ઉપયોગમાં લઈશુ તો કૃષિ માટે જમીનનો ખ્યાલ તુટી જશે, આઝાદી પછી વિકસેલ શહેરો અને ત્યાં દેખાતું ઉપ્તાદન વર્ટિકલ ડેવલોપમેન્ટનું સફળ ઉદાહરણ બન્યું છે ત્યારે પ્રકૃતિનાં આશ્રયે આકાશી ખેતી ની હજારો વર્ષની માન્યતા છોડી દઈએ. ગામડું અને ખેડુતોને ગરીબી સાથે જકડી રાખવાની રાજનીતી પાછળ મુકી દઈએ. તોજ દેશને વિશ્વગુરુ બનાવવાની સંકલ્પના જમીન ઉપર ગતી કરતી જોવા મળશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

કોર્પોરેટ કંપની દ્વારા રાજકીય પક્ષોને દાન

આપણે 25 માર્ચના 'ગુજરાતમિત્ર' દૈનિકમાં વાંચ્યું જ હશે કે દર વર્ષે કોર્પોરેટ કંપની દ્વારા રાજકીય પક્ષોને દાન આપવામાં આવે છે. જેમાં વર્ષોવર્ષ વધારો થતો જાય છે. કદાચ દાનની રકમ કરોડોમાં વાંચીને આશ્ચર્ય થશે જેમાં ભાજપઃ 6074.01 - 171 ટકા વધારો. કોંગ્રેસ 517.39 - 84 ટકા વધારો. આપ 27.04 - 244 ટકા વધારો.

સામાન્ય રીતે દરેક પક્ષના ચૂંટાયેલ પ્રતિનિધિને મફતમાં રહેવાનું, ફરવાનું, ફોન, ઉપરાંત મસમોટો પગાર તો મળે જ છે. તો પક